# ધાનેરા-થરાદ તાલુકામાં દીપડાનો આતંક

ધાનેરા, તા. ૪

બનાસકાંઠાના ધાનેરા આતંક મચાવી રહ્યો છે ત્યારે જિલ્લાનું તંત્ર પણ માટેના ચક્રો ગતિમાન કર્યા હતા. પરંતુ દીપડાએ લોકો પર હૂમલો ચાર લોકો ઘાયલ થયા હતા અને ઘટનાની જાણ ધાનેરા ૧૦૮ને કરતા ૧૦૮ની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ઘાયલોને સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા.

તો બીજી તરફ થરાદ તાલુકા દેતાલ ગામે આ દીપડો પહોંચતા ત્યાં પણ ચાર જેટલા લોકોને ઘાયલ કરતા ગામમાં અરેરાટી મચી જવા પામી હતી અને લોકોમાં દીપડાનો ભય જોવા મળી રહ્યો હતો. ત્યારે આજે વહેલી સવારથી જ આ દીપડાને પકડવા માટે ફોરેસ્ટ ખાતાની ટીમ આવી ગઈ છે અને પાંજરૂ મુકી દીપડાને પકડવાની સવારથી ઘટનાસ્થળે પહોંચી પોતાની કામગીરી કરી રહી છે.





## બે દિવસમાં દીપડાએ ૧૦ કરતા વધારે લોકોને ઘાયલ કર્યા : દીપડાને પકડવા રેશ્ક્યુ ઓપરેશન હાથ ધરાયું

અને થરાદ તાલુકામાં દીપડો આતંક મચાવી રહ્યો છે ત્યારે જિલ્લાના તંત્રની પણ ઊંઘ હરા થઈ ગઈ છે. એક તરફ જિલ્લાનું તંત્ર દીપડાને પકડવા માટે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી રહ્યું છે તો બીજી તરફ દીપડો લોકો પર હૂમલો કરી રહ્યો છે. અત્યાર સુધીમાં આ દીપડાએ ૧૦ જેટલા લોકોને ઈજા પણ પહોંચાડી છે.

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી દીપડો આ દીપડાને પકડવા માટે રેસ્ક્યુ ઓપેરનશ હાથ ધરી રહ્યું છે. ગઈકાલે ધાનેરા તાલુકાના શેરગઢ ગામે દીપડો દેખાતા લોકોએ તાત્કાલિક જીલ્લા ફોરેસ્ટ તેમજ પોલીસને જાણ કરતા તંત્ર ઘટનાસ્થળે પહોંચી દિપડાને પકડવા તજવીજ હાથ ધરી રહ્યા છે અને જો દીપડો પાંજરે ન પુરાય તો એર ઘન દ્વારા બેભાન કરીને પકડી શકાય તે માટે એર ઘનની પણ તંત્ર દ્વારા સંપૂર્ણ તૈયારીઓ કરી દેવામાં આવી છે અને લોકો પર કાબુ મેળવવા માટે થરાદ પોલીસ પણ



દીપડો એરંડાના ખેતરમાં ઘુસી જતા તંત્ર માટે દીપડો પકડવો મુશ્કિલ બની ગયો છે મોડી રાત સુધી તંત્ર દ્વારા રેશ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું પણ દીપડો ન પકડાતા તંત્રની ઊંઘ પણ હરામ થઈ ગઈ છે હવે જોવાનું એ રહે છે કે તંત્ર દીપડાને પકડી પાડે છે કે પછી દીપડો લોકોને શિકાર બનાવે છે તે તો આવનારો સમય જ બતાવશે.

## ડુંગરી દૂધ મંડળીમાંથી ૧.૮૫ લાખની મત્તા ચોરાઈ

ઈડર, તા. ૪

ઈડર તાલુકાના ડુંગરી ગામે આવેલ દૂધ મંડળીમાંથી ગત તા. ૨ ડિસેમ્બરને રાત્રે અજાણ્યા શખ્સોએ દૂધ મંડળીના મકાનમાં પ્રવેશ કરી તિજોરીમાંથી રૂ. ૧,૮૫૦૯૯ની રોકડ ચોરી કરીને લઈ ગયા હતા.

જે અંગે ડુંગરીના સુભાષભાઈ રેવાભાઈ પટેલે ગુરૂવારે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ જાદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## હિંમતનગરની સગીરાને ભગાડી જતા બે વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર,તા. ૪

હિંમતાનાગારના કાટવાડ રોડ પર આવેલ હરિનગરમાં રહેતા મંજુબેન ઈશ્વરભાઈ ડામોરની સગીર દીકરી સુમિત્રાબેનને પરેશભાઈ કાન્તીભાઈ ડામોર તથા મનોજભાઈ ઉર્ફે લાલો અરવિંદભાઈ મોડીયા એકાદ માસ અગાઉ લગ્ન કરવાના ઈરાદે ફોસલાવી પટાવી ભગાડી ગયા હતા.

ત્યારબાદ સગીરાના વાલી-વારસોએ તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા ગુરૂવારે બંને જણા વિરૂદ્ધ હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

## આજે ચોરીવાડમાં વિશ્વ જમીન દિન ઉજવાશે

ઈડર, તા. ૪

ઈડર તાલુકાના ચોરીવાડ ગામે શનિવારે વિશ્વ જમીન દિનની પટેલ સમાજવાડી ખાતે ઉજવણી કરવામાં આવશે. જે પ્રસંગે રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરાની ઉપસ્થિતિમાં સોઈલ હેલ્થ કાર્ડ અને ફર્ટીલીટી મેપનું વિતરણ કરવામાં આવશે.

## રણાસણમાં ભેળસેળવાળુ ખાતર વેચતા એક વિરૂદ્ધ ફરિયાદ

તલોદ, તા. ૪

તલોદ તાલુકાના રણાસણ ગામે રહેતા વિમલભાઈ બાબુભાઈ પટેલ દ્વારા જય યોગેશ્વર એગ્રીકલ્ચરના નામે ખેડૂતોને છેલ્લા ઘણા સમયથી રાસાયણિક ખાતર ભેળસેળવાળુ હલકી ગુણવત્તાનું વેચતા હતા. જે અંગે ખબર પડતા તલોદના ખેતીવાડી અધિકારી હર્ષદકુમાર રામજીભાઈ પટેલે ગુરૂવારે વિમલભાઈ પટેલ વિરૂદ્ધ તલોદ પોલીસસ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## સાબરકાંઠા જિલ્લામાં ૧૨ ડિસેમ્બરે લોકઅદાલત યોજાશે

હિંમતનગર, તા. ૪

સાબરકાંઠા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ તથા બાર એસોસીએશનના સહયોગથી તા. ૧૨ ડિસેમ્બરને શનિવારે હિંમતનગર સહિત તમામ તાલુકા કક્ષાએ રાષ્ટ્રીય લોકઅદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મોટર વાહન અકસ્માત, વૈવાહિક બાબતો તથા પ્રિ-લીટીગેશન કેસોનું સમાધાનકારી વલણથી ઝડપી નિકાલ કરવામાં આવશે.

# પ્રતિષ્ઠાની જંગમાં ૧૧ બેઠક પર ૨૨ ઉમેદવારો મેદાનમાં

પાલનપુર, તા. ૪

એશિયાની પ્રથમ હરોળની ગણાતી બનાસ ડેરીની ચૂંટણી ઉમેદવારી ફોર્મ ખેંચવાના અંતિમ દિવસ સુધીમાં કુલ ૩૦ જેટલા ફોર્મ પરત ખેંચાયા છે. આ વખતે પ્રતિષ્ઠાની જંગ ગણાતી બનાસડેરીમાં કુલ ૧૪ બેઠક પર ચૂંટણી થવાની હતી. જેમાં રાધનપુર, દાંતીવાડા, ધાનેરા આમ ૩ બેઠક બિનહરીફ થઈ હતી જો કે બનાસડેરીની ચૂંટણીના ફોર્મ ખેંચાવાના અંતિમ દિવસ સુધીમાં કુલ ૩૦ જેટલા ફોર્મ પરત ખેંચાયા હતા. જેથી હવે પાલનપુર,

## બનાસ ડેરીની ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ

વડગામ, દાંતા, ડીસા, અમીરગઢ, થરાદ, વાવ, દિયોદર, ભાભર, કાંકરેજ, સાંતલપુર આમ કુલ ૧૧ મતદાન વિભાગ પર ૨૨ ઉમેદવાર ચૂંટણી જંગ લડશે જેમાં પરિવર્તન અને પુનરાવર્તન પેનલ વચ્ચે પ્રતિષ્ઠાનો જંગ જામશે જેમાં સહકાર અને સરકારના દુધિયા રાજકારણમાં કોણ બાજી મારશે તે ૧૬મી ડિસેમ્બરના રોજ પરિણામ બાદ જ માલુમ પડશે.

## કુલ ૩૦ ઉમેદવારી ફોર્મ પરત ખેચાયા ૭ રદ થયા હતા : ૩ બિનહરીફ જાહેર

## બિનહરીફ થયેલા બંને ઉમેદવારો મારી પેનલના છે : પરથીભાઈ ભટોળ

બનાસડેરીની ચૂંટણીમાં બિનહરીફ થયેલા ધાનેરાના જોઈતાભાઈ પટેલ અને દાંતીવાડાના પરથીભાઈ ગુડોલ આ બંને ઉમેદવારો કઈ પેનલ છે તેવું બંનેમાંથી એક પણ ઉમેદવારોએ કોઈ ખુલાસો કર્યો નથી. પરંતુ બનાસડેરીના પૂર્વ ચેરમેન પરથીભાઈ ભટોળે મીડિયા સાથેની વાતચીતમાં આ બંને બિનહરીફ ઉમેદવારો પોતાની પેનલના હોવાનું ખુલાસો કર્યો હતો.

## અરવલ્લીમાં ખાણખનીજ અધિકારીને લીઝધારકે મારી નાખવાની ધમકી આપતાં ચકચાર

મોડાસા, તા. ૪

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના બોરડી ગામમાં ગેરકાયદેસર ક્વોરી પરમીટના ભંગ કરી ખોદકામ કરાતાં હીટાચીને ખાણ ખનીજ અધિકારીએ અટકાવ્યુ હતુ. તેથી લીઝ ધારકે અધિકારીને જાનથી મારી નાખવાની ધમકી આપતા અધિકારીએ રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરી છે.

મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના સુત્રોના જણાવ્યા મુજબ અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં આવેલી ખાણખનીજ ખાતાની ઓફિસમાં ફરજ બજાવતા અજીતસિંહ યદુવંશીએ બોરડી ગામની સિમમાં સર્વ નં. ૩૪માં ક્વોરી પરમીટના ભંગ કરીને હીટાચીથી ખોદકામ કરતા અમૃતભાઈ કચરાભાઈ ચમાર (રહે. સબલપુર, મોડાસા)ને પોતાની ફરજના ભાગરૂપે કાયદેસર કાર્યવાહી કરીને હીટાચી મશીન કબ્જે લીધુ હતુ. તેથી અમૃત ચમારે અવારનવાર ફરીયાદીની કચેરીએ આવીને બીનજરૂરી આવી બેસી રહી કચેરીના સ્ટાફ તથા ફરીયાદીની સાથે વાદ વિવાદ કરી એટ્રોસીટી કેસ દાખલ કરવાની તથા જાનથી મારી નાખવાની ધમકીઓ આપતાં ખાણખનીજ અધિકારીએ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતાં પોલીસે કલમ ૫૦૬(૨) ૧૮૬ મુજબ ગુનો નોંધી વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આમ અરવલ્લી જિલ્લામાં સરકારી અધિકારીઓને ફરજ બજાવવી મુશ્કેલ બની છે અને આવી ધમકી મળતી રહે તો આમ પ્રજાની શું કિંમત? આ બાબતે જિલ્લા કલેક્ટર તથા ડીએસપી યોગ્ય કરે તેવી જનતાની માંગ છે.



ખાણખનીજ અધિકારીએ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી : બોરડી ગામની સિમમાં ગેરકાયદેસર ખનન કરતા હિટાચી કબ્જે લેતા મામલો બિચક્યો

### દિયોદરના કોતરવાડા ગામે હત્યા કેસમાં કોર્ટનો ઐતિહાસિક ચુકાદો

## પત્નીની હત્યાના કેસમાં પતિ સહિત ચારને આજીવન કેદ દસ હજારનો દંડ

દિયોદર, તા. ૪

દિયોદર તાલુકાના કોતરવાડા ગામે એક વર્ષ અગાઉ થયેલ હત્યા કેસમાં આજે એડિશનલ સેસન્સ કોર્ટ ચારે નરાધમ આરોપીને આજીવન કેદની સજા સાથે દસ હજારનો દંડ ખુલ્લી અદાલતમાં સંભળાવ્યો હતો.

ભાભર તાલુકાના સનેસડા ગામે રહેતા બળવંતજી બાબુજી ઠાકોરની દિકરી રેખાબેનના લગ્ન દિયોદર તાલુકાના કોતરવાડા ગામે રહેતા નાગજીજી જગાજી ઠાકોર સાથે સમાજના રિત-રિવાજ મુજબ કરવામાં આવ્યા હતા. થોડા સમય સુધી બન્ને પતિ-પત્નીનો લગ્ન જીવન સારૂ ચાલ્યો હતો પરંતુ થોડા સમય પછી પત્ની ગમતી ન હોવાથી પતિ-પત્ની વચ્ચે બોલાચાલી થતી જેમાંતા. ૧૭-૩-૨૦૧૪ના રોજ રેખાબેન પોતાના સાસરીયામાં હતા તે સમયે રેખાબેનના પતિ નાગજીજી જગાજી ઠાકોર તેમની પત્નીને પકડી મારઝુડ કરી હતી. તેમજ માથાના ભાગે છરીના બે ઘા મારતા રેખાબેનનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. જે બાબતની જાણ તેમના પિતાને થતા તેમના પિતા બળવંતજી બાબુજી ઠાકોરે દિયોદર પોલીસમથકે નાગજી જુગાજી ઠાકોર (પતિ), સુબાજી જગાજી ઠાકોર (જેઠ), હીરાબેન જગાજી ઠાકોર (સાસુ), સતુબેન સુબાજી ઠાકોર (જેઠાણી) વિરૂદ્ધ ફરિયાદ આપતા પોલીસ હત્યારાને ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દિધા હતા. જે કેસ આજે દિયોદર એડિશનલ સેસન્સ કોર્ટ જજ વી.કે. પુજારા સમક્ષ ચાલી જતા અને સરકાર તરફથી વકિલે ડી.વી. ઠાકોરે ધારદાર દલીલો કરતા પત્નિ હત્યા કેસમાં દલીલો ધ્યાને રાખી પતિ સહિત ચારને આજીવનની સજા અને ૧૦ હજારનો દંડ ફટકાર્યો હતો. આજે દિયોદર એડિશનલ સેસન્સ કોર્ટ હત્યા કેસમાં ઐતિહાસિક ચુકાદો આપતા મૃતકના પરિવારજનોએ કોર્ટના ન્યાયને વધાવ્યો હતો.

**એક વર્ષ અગાઉ પત્ની ગમતી ન હોઈ પરિવારજનોના સભ્યો સાથે મળી કાછળ કાઢી નાખ્યુ હતુ**

## મોડાસામાં ૧૬ વર્ષનો કિશોર ડેન્ગ્યુમાં સપડાયો

મોડાસા, તા. ૪

મોડાસાનગરના કસ્બા આસપાસના વિસ્તારમાં ડેન્ગ્યુના રોગે માથુ ઉંચક્યું હોય એમ ૧૬ વર્ષના કિશોરને ડેન્ગ્યુના લક્ષણો જણાતાં જરૂરી સારવાર પુરી પડાઈ હતી.

નગરના કસ્બા વિસ્તારની બાગેમખદૂમ સોસાયટીમાં રહેતા કિશોરને તાવ, કળતર અને ઉલટી ઉબકાની અસર વર્તાતાં પ્રાથમિક સારવાર અપાઈ હતી. સારવાર છતાં તાવ નહીં ઉતરતાં પરિવારજનોએ કિશોરને ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડાતાં તબીબે કરાવેલા પરીક્ષણમાં ડેન્ગ્યુ જણાતાં સારવાર અપાઈ હતી.

મોડાસા તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. યજ્ઞેશ નાયકના જણાવ્યા મુજબ, કિશોરનો એનએસ-૧ એન્ટીજન ટેસ્ટ રીએક્ટીવ જણાતા શંકાસ્પદ ડેન્ગ્યુના દર્દીને જરૂરી સારવાર અપાઈ છે. જ્યારે અસરગ્રસ્ત વિસ્તારમાં બે ટીમો દ્વારા જરૂરી સર્વે સહિત પોરાનાશક અને ફોગીંગની કામગીરી હાથ ધરવામાં આવી છે.

## મોડાસાની સરસ્વતી વિદ્યાલયને રાજય કક્ષાએ શ્રેષ્ઠતા એવોર્ડ એનાયત

ગાંધીનગર, તા.૪

ગુજરાત રાજયના કોમ્યુનીટી મેડીસીન વિભાગ દ્વારા વિશ્વ એઈડસ દિન નિમિત્તે રાજયકક્ષાનો ઉજવણી કાર્યક્રમ ગોઠવાયેલ હતો. સિવિલ હોસ્પિટલ, ગાંધીનગરના ઓડિટોરીયમમાં યોજાયેલ આ કાર્યક્રમમાં તબીબી ક્ષેત્રના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત હતા. જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર દ્વારા તમામ જિલ્લાના, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન મારફતે આરોગ્ય અંગે 'હેલ્પ' કાર્યક્રમ ચલાવવામાં આવ્યો હતો.




આ કાર્યક્રમમાં મેડીકલ અને નર્સિંગના વિદ્યાર્થીઓ તથા મહાનુભાવોની હાજરીમાં 'હેલ્પ' કાર્યક્રમની શ્રેષ્ઠ કામગીરી માટે મોડાસાની ખ્યાતિપ્રાપ્ત શ્રી એચ.એલ. પટેલ સરસ્વતી વિદ્યાલયને એવોર્ડ એનાયત થયો હતો. શાળાના પ્રિન્સીપાલ ડૉ. જિજ્ઞેશ સુથારે સમારંભ અધ્યક્ષ ડૉ. પી.બી. વર્મા દ્વારા આ એવોર્ડ સ્વીકારેલ હતો. મંડળના પ્રમુખ મોહનભાઈ, મંત્રી હંસરજભાઈએ શાળાને મળેલ રાજયકક્ષાના શ્રેષ્ઠતા એવોર્ડ માટે આચાર્ય તથા શાળા પરિવારને બિરદાવ્યા હતા.

## પ્રાંતિજમાં વાઘેલા સમાજનું ગૌરવ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ શાળા નંબર-૨માં ધોરણ-૭માં અભ્યાસ કરતી દિયા કમલભાઈ વાઘેલા જેને બાળકોના મૌલિક વિચાર અને નવસંસોધન વિજ્ઞાન વિષયની હરિફાઈમાં વિજય થતાં ડૉ. આર.એ. માશેલકર (એન.આઈ.એફ.)ના હસ્તે એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો. જેમાં પ્રાંતિજ તથા સમાજ તથા શાળા અને પરિવારનું ગૌરવ વધારેલ છે. જયારે શાળાના આચાર્ય કિશનસિંહ વર્ગ શિક્ષક કોમલબેન તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ટી.કે. વાઘેલા, કેળવણી નિરીક્ષક ટી.ડી. પંડયા, બી.આર.સી. ભાવનાબેન મોદી તથા પરિવારે પણ દિયાને અભિનંદન પાઠવ્યા હતાં.



# ધાનેરા સરકારી હોસ્પિટલમાં ગટરના ખુલ્લા કુવા મોત સમાન

ધાનેરા, તા.૪

ધાનેરા સરકારી હોસ્પિટલમાં પુર આવ્યા બાદ હોસ્પિટલના ગટરના કુવાઓ ખુલી જતાં આવતા જતા લોકો માટે મોત સમાન બની ગયા છે. વારંવાર રજુઆત કરવા છતાં પી.આઈ.યુ. કચેરી કોઈ પગલાં લેથી નથી જેથી કોઈકનો ભોગ લેશે આ ગટરો.

ધાનેરામાં જુલાઈમાં પુર આવતાં સરકારી હોસ્પિટલમાં પુરથી મોટા પાયે નુકશાન થવા પામ્યું હતું. જેમાં સરકારી હોસ્પિટલની દિવાલો તુટી પડેલ, હોસ્પિટલમાં તળીયામાં ખાડા પડી ગયા હતા તેમજ ગટરોના કુવાઓ પણ ખુલી જવા પામેલ અને આ બાબતે હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ વિશાલ પટેલ દ્વારા વારંવાર પી.આઈ.યુ. કચેરીને લેખિત રજુઆતો કરવા છતાં કોઈ જ પ્રકારનાં પગલાં લેવાતા નથી જેના કારણે લોકોને ભારે હેરાનગતિ ભોગવવી પડી રહી છે. જયારે બીજી તરફ શૌચાલયના ગટરના



કુવાઓ ખુલ્લા બની જતા ત્યાં અવર જવર કરતા લોકો માટે મોતના કુવા સમાન સાબિત થાય તેમ છે. દિવાલ તુટેલ હોવાથી લોકો બસ સ્ટેન્ડથી બારોબાર હોસ્પિટલમાં થઈને પસાર થાય છે તેમજ આ કુવાની બાજુમાંથી જેથી આ કુવો મોતનો કુવો બને તે પહેલાં તેનું સમારકામ થાય તે જરુરી છે. આ અંગે ત્યાં રહેતા ડૉ. એમ.એમ. ડાભીએ જણાવેલ કે દિવાલ ન હોવાથી અહીં રખડતા ઢોરોનો ત્રાસ વધી જવા પામ્યો છે. તેમજ રાત્રીના સમયે ચોરોનો ભય પણ સતાવી રહ્યો છે. તેમજ કુવામાં અમારા બાળકો પડી જાય તેમ છે જેથી તાત્કાલિક સમારકામ થાય તે જરુરી છે.

આ અંગે ધાનેરા સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ વિશાલ પટેલે જણાવેલ કે અમોએ પાંચ વખત આ બાબતે પી.આઈ.યુ.ને રજુઆતો કરેલ છે લેખિતમાં તેમજ તેની નકલો અમારી ઉપરી કચેરીએ પણ મોકલેલ છે પરંતુ ઉપરથી જ આ કામ ન થવાથી અમારે દર્દીને તેમજ સ્ટાફને તકલીફ ભોગવવી પડી રહી છે અને આ રીપેરીંગ કરવું એ અમારા હાથમાં નથી. પી.આઈ.યુ.ના હાથમાં છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧